



# હડાદ ખાતે આદિવાસીઓ દ્વારા અમદાવાદ હાઈવે પર ચક્કાજામ

બનાસકાંઠાનાં દાંતા અમીરગઢ તાલુકાનાં આદીવાસી લોકો દ્વારા પોતાના હક્કો મેળવવાની માંગણી સાથે અંબાજી નજીક હડાદ ખાતે અમદાવાદ હાઈવે માર્ગ પર ચક્કાજામ કરવાની આપેલી ચિમકીનાં પગલે હડદાનો બસ સ્ટેન્ડ વિસ્તાર પોલીસ છાવણીમાં ફેરવાયો હતો ને આદીવાસી લોકો દ્વારા ઢોલ વગાડી લોકોને એકત્રીત કરી રસ્તા રોકવાનાં પ્રયત્નો કરાયાં હતાં. જ્યાં પોલીસે સમય સુચકતાં વાપરી વાહનો અટકાવવાની સાથે જ આદીવાસી નેતાઓની અટકાયત કરવાની શરૂઆત કરી હતી. જેમાં આદીવાસી હિતરક્ષક સમિતિનાં પ્રમુખ ઉદાભાઈ સોલંકી સાથે ૧૩ જેટલાં આદીવાસી અગ્રણીઓની અટકાયત કરી હડાદ પોલીસ સ્ટેશને લઈ જવાયાં હતાં.

# બનાસડેરીના ચેરમેન પદે શંકરભાઈ ચૌધરી, વાઈસ ચેરમેન માવજીભાઈ દેસાઈ

પાલનપુર, તા.૨૭ એશિયાની નંબર વન ગણાતી અને બનાસકાંઠા જિલ્લાની જીવાદોરી સમાન બનાસ ડેરીમાં રાજય મંત્રી શંકરભાઈ ચૌધરીની આગેવાની હેઠળની આપણી પેનલ જંગી બહુમતિથી જીતી પરિવર્તન લાવવા હવે, બનાસ ડેરીનું સુકાન રાજય મંત્રી શંકરભાઈ ચૌધરીનો સોંપવામાં આવ્યું છે. આજે પાલનપુર ખાતે યોજાયેલ બનાસ ડેરીના ચેરમેન - વાઈસ ચેરમેનની ચૂંટણી યોજાયા ચેરમેન તરીકે શંકરભાઈ લગધીરભાઈ ચૌધરી અને વાઈસ ચેરમેન તરીકે યુવા સહકારી અગ્રણી અને ડીસા માર્કેટ યાર્ડના ચેરમેન માવજીભાઈ મગનભાઈ દેસાઈની બિનહરીફ નિયુક્તિ કરવામાં આવી હતી.

સમગ્ર રાજયભરના સહકારી માળખામાં ચર્ચાસ્પદ બનેલ ધી બનાસકાંઠા જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. પાલનપુર (બનાસ ડેરી)ના નિયામકની ચૂંટણીમાં પશુપાલકોએ રાજય મંત્રી શંકરભાઈ ચૌધરીની આગેવાની હેઠળની આપણી પેનલને જંગી બહુમતિથી વિજયી બનાવી છેલ્લા ૨૪ વર્ષથી બનાસ ડેરીમાં એક હથ્થુ શાસન ચલાવતા પરથીભાઈ ભટોળના ભ્રષ્ટાચારી શાસનને ઉખાડી પરિવર્તન લાવ્યું હતું. ત્યારે એશિયામાં પ્રથમ નંબરનું સ્થાન ધરાવતી બનાસ ડેરીનો વહીવટ કોણ સંભાળશે તેને લઈ અનેક અટકળો ચાલી રહી હતી. ત્યારે રવિવારે પાલનપુર કલેકટર કચેરી ખાતે બનાસ ડેરીના ચેરમેન અને વાઈસ ચેરમેનની ચૂંટણી યોજવામાં આવી હતી. જેમાં ચેરમેન તરીકે આરોગ્ય અને વાહન વ્યવહાર વિભાગના રાજ્યકક્ષાના મંત્રી શંકરભાઈ ચૌધરીની સર્વસંમતિથી બિનહરિફ વરણી કરવામાં આવી હતી.

વાઈસ ચેરમેન તરીકે યુવા સહકારી અગ્રહણી અને ડીસા માર્કેટ યાર્ડના ચેરમેન માવજીબાઈ મગનભાઈ દેસાઈની વરણી કરવામાં આવી હતી. ત્યારબાદ બનાડસ ડેરી ખાતે યોજાયેલ અભિવાદન સમારોહમાં નવ નિયુક્ત ચેરમેન શંકરભાઈ ચૌધરી અને વાઈસ ચેરમેન માવજીભાઈ દેસાઈએ જિલ્લાના પશુ પાલકો, ખેડતો, રાજકીય-સહકારી અગ્રણીઓ, દૂધ મંડળીઓના ચેરમેન અને કમિટી સભ્યો અને ડેરીના તમામ કર્મચારીઓ તેમજ સૌ સહયોગીઓનો આભાર વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે કેન્દ્રીય ગૃહ રાજયમંત્રી હરીભાઈ ચૌધરી, પ્રદેશ ભાજપ મહામંત્રી કે.સી. પટેલ, જિલ્લા પ્રભારી દુષ્યંતભાઈ પંડ્યા, પ્રદેશ ભાજપ બક્ષીપંચના મોરચાના અધ્યક્ષ દિનેશભાઈ અનાવાડીયા, જિલ્લા ભાજપ પ્રમુખ કેશાજી ચૌહાણ, સહિત ડિરેકટરો, સહકારી-રાજકીય આગેવાનો અને શુભેચ્છકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી અભિનંદન પાઠવ્યા હતા.

## બનાસડેરીનું નામ વિશ્વકક્ષાએ ગૂજતું કરાશે : શંકરભાઈ ચૌધરી

બનાસકાંઠા જિલ્લાના પશુપાલકોએ દૂધ ઉત્પાદન ક્ષેત્રે બનાસ ડેરીને એશિયામાં પ્રથમ નંબરનું સ્થાન અપાવ્યું છે. ત્યારે ડેરીનું સુકાન અમને સોંપાતા પશુ પાલકોનો વિશ્વાસ સાર્થક કરી ડેરીમાં ભ્રષ્ટાચાર મુક્ત અને સંપૂર્ણ પારદર્શી વહીવટ થકી બનાસ ડેરીનું નામ વિશ્વકક્ષાએ ગુંજતું કરીશું તેમ રાજયમંત્રી અને બનાસ ડેરીના નવનિયુક્ત ચેરમેન શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું.



## પશુપાલકોના હિતને અગ્રીમતા અપાશે : માવજીભાઈ દેસાઈ

બનાસકાંઠા જિલ્લાના પશુપાલકોએ પરિવર્તન લાવી આપણી પેનલને ડેરીનો વહીવટ સોંપ્યો છે ત્યારે બનાસ ડેરીના વિકાસમાં પાયાનો પથ્થર ગણાતા પશુપાલકોના હિતને અગ્રીમતા આપી દૂધ ઉત્પાદકોએ અમારામાં મુકેલા વિશ્વાસને સાર્થક કરી બતાવીશું તેમ ડીસા માર્કેટયાર્ડના ચેરમેન અને બનાસ ડેરીના વાઈસ ચેરમેન માવજીભાઈ દેસાઈએ જણાવ્યું હતું.

## સંક્ષિપ્ત સમાચાર

### મોડાસા 'લેટ નાઈટ' ગ્રુપ દ્વારા ગરીબોને સ્વેટર અને જેકેટનું વિતરણ કરાયું

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા મથક શહેરના 'લેટ નાઈટ' ગ્રુપના યુવાનો દ્વારા શહેરના જરૂરિયાતમંદ વાળા અને ગરીબીમાં જિંદગી જીવનારા લોકોને ઠંડીથી રક્ષણ મળી રહે તેવા ઉમદા હેતુથી



સોશિયલ મીડિયાનો ઉપયોગ કરી ફેસબુક અને વોટ્સએપના માધ્યમથી શહેરીજનોને અપીલ કરતા ઘરમાં રહેલા જુના સ્વેટર અને જેકેટ આપવા અપી કરી હતી અને યુવાનોની આ અનોખી પહેલને પ્રોત્સાહન આપતા ૧૦૦ થી વધુ સ્વેટર અને જેકેટ એકઠા કરી શહેરના માર્ગોની બાજુમાં ઝૂંપડપટ્ટીઓમાં રહેતા અને રેલવેટ્રેકની સામે આવેલી વસાહતમાં રહેતા જરૂરિયાતમંદ લોકોને ગ્રુપના મેમ્બરો દ્વારા આપવામાં આવ્યા હતા. ગાત્રો થીજવતી ઠંડીમાં ગરીબ લોકોના શરીરના રક્ષણ માટે સ્વેટર અને જેકેટ મળતા આનંદ છવાયો હતો. સોશિયલ મીડિયાના ઉપયોગના સારા નરસા પરિણામો નજરે ચડે છે.

### હિંમતનગરના આંબાવાડી વિસ્તારમાં બાઇકે સરકારી વાહનને નુકશાન કરતા ફરિયાદ

હિંમતનગરના આંબાવાડી પુલના વળાંકમાં બુધવારે પસાર થઈ રહેલ બાઈક નં.જીજે.૦૯.સીકયુ.૪૧૯૮ ના ચાલકે ગફલત ભરી રીતે ડ્રાઈવીંગ કરી બાઈકને સરકારી વાહન નં.જીજે.૯.જી.૫૦૦.પી/૫ ને ટક્કર મારી નુકશાન પહોંચાડયુ હતું. જે અંગે વિજયકુમાર જાલમસિંહ ઝાલાએ બાઈક ચાલક વિરૂધ્ધ બુધવારે એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

### ભુવેલ પાટીયા પાસે ટેમ્પાની ટક્કરથી મોત

ઈડર તાલુકાના દરામલીથી જાદર જતા રોડ પર આવેલ ભુવેલ પાટીયા નજીકથી બુધવારે પસાર થઈ રહેલ ટેમ્પો નં.જીજે.૨.એકસ.૩૧૪ ના ચાલકે ગફલત ભરી રીતે ટેમ્પો હંકારી બાઈક નં.જીજે.૯.સીએફ.૨૯૬ને ટક્કર મારતા રામાભાઈ માધાભાઈ ચેનવાને ગંભીર ઈજા થઈ હતી. જેથી તેમનું મોત નિપજયુ હતું અને ટેમ્પો ચાલક ભાગી ગયો હતો. જે અંગે ચડાસણાના શૈલેષકુમાર રામાભાઈ ચેનવાએ ટેમ્પા ચાલક વિરૂધ્ધ જાદર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

### એવન સોસાયટીમાં બાઇક ચોરાયું

હિંમતનગરના મોતીપુરા વિસ્તારમાં આવેલ એવન સોસાયટી આગળ પાર્ક કરેલ બાઈક નં.જીજે.૦૯.સીએચ.૦૫૫૩ ની મંગળવારે રાત્રે અજાણ્યા શખ્સો ચોરી કરીને લઈ ગયા હતા. જે અંગે બાઈકના માલિક નારાયણસિંહ દેવીસિંહ વાઘેલાએ બાઈકની તપાસ કરવા છતાં કોઈ પત્તો મળ્યો ન હતો. જેથી તેમણે રૂ.૧૫ હજારની બાઈક ચોરાયાની ફરિયાદ બુધવારે એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવી હતી.

# બોડીથી મેઢાસણ રોડ ન બનતાં ગ્રામજનોમાં રોષ

આ રસ્તા પરથી વાહન લઈને જવું ખુબ જ મુશ્કેલ થઈ પડ્યું છે. કામકાજ અર્થે દરરોજ આ રસ્તા પરથી પસાર થવું પડે છે પરંતુ ખખડધજ અને ભંગાર રસ્તાના કારણે વાહનો ખખડી ગયા છે જેના લીધે આર્થિક નુકશાન ભોગવવાનો વારો આવે છે અને જવાબદાર તંત્ર આ તરફ ધ્યાન આપે એ જરુરી છે : હસમુખભાઈ એમ. પટેલ

રાત્રીના સમયે ખેડૂતો અને અન્ય ચાલકો આ રસ્તા પરથી પસાર થતા હોય છે ત્યારે મસમોટા ખાડાના લીધે વાહનો ખાડાઓમાં પડતાં વારંવાર બાઈક પરથી પડી જવાના બનાવો બને છે. જેના કારણે ખેડૂતો રાત્રીના સમયે આ રસ્તા પરથી પસાર થતાં ડરે છે : યોગેશભાઈ પટેલ

મોડાસાના મેઢાસણથી બોડી તરફ જતો માર્ગ છેલ્લા કેટલાય સમયથી બિસ્માર બની જતાં વાહનચાલકો ભારે પરેશાનીનો સામનો કરી રહ્યા છે. મેઢાસણથી બોડી થઈ અડપોદરા તરફ જતો આ માર્ગ ગામોને જોડતો રોડ હોવાથી દિવસ રાત વાહનોની અવરજવર ચાલુ રહે છે. આ માર્ગ પર મસમોટા ખાડા પડી ગયા છે અને માર્ગ પર બનાવેલી ડીપમાંથી સળીયા પણ નીકળી ગયા છે. જેના લીધે વાહનચાલકોને આર્થિક નુકશાની પણ ભોગવવાનો પણ વારો



આવે છે. છતાં પણ તંત્ર દ્વારા આ માર્ગનું કામકાજ કરવામાં ઢીલાશ રાખવામાં આવી છે જેના કારણે આ માર્ગ છેલ્લા કેટલાય વર્ષથી બિસ્માર હાલતમાં પહોચી ગયો છે. કેટલાક સમયથી બિસ્માર બની ગયેલા માર્ગ માટે આજુબાજુના ગામના લોકોએ વારંવાર રજુઆતો કરવા છતાં આજ દિન સુધી માર્ગનું કામકાજ ચાલુ થયું નથી. માર્ગ પર પડેલા નાના મોટા ખાડાઓના લીધે છાશવારે અકસ્માતો સર્જાતા હોવાથી લોકોમાં રોષ ફાટી નીકળ્યો છે.

# ખેડબ્રહ્મા ખાતે આદિવાસી સમાજનું સ્નેહ સંમેલન

ખેડબ્રહ્મા, તા. ૨૭ આદિવાસી સમાજમાં ચાલતા કુરિવાજોને જાકારો આપવા સમાજના વિકાસ માટે એક સ્નેહ સંમેલન સેવા સમિતિના કોલમાં રવિવારે યોજાયું હતું. ખેડબ્રહ્મા ખાતે યોજાયેલ સંમેલનમાં બાબુભાઈ અંગારી અને અશ્વિનભાઈ કોટવાલની અધ્યક્ષતામાં સંમેલન યોજાયું હતું.

આ સંમેલનમાં અકસ્માતે મૃત્યુમાં કે કુદરતી મૃત્યુમાં ચડોતરું બંધ કરવું, અકસ્માતમાં પોલીસ કાર્યવાહી કરવી, કોઈના ઘરે લાશ મુકવી નહી, દારૂ-જુગાર જેવા વ્યસનો ત્યજી દેવા, પ્રતિબંધ મુકવો, આ ઉપરાંત લગ્ન, મરણ અન્ય પ્રસંગે થતાં રિવાજોમાં ફેરફાર કરી સમાજ આગળ વધે તે માટે કુરિવાજો છોડી આગળ વધવા પર ચર્ચા કરવામાં આવી હતી. આ પ્રસંગે આવેલ મહાનુભાવોએ પોતના મંતવ્યો રજુ કર્યા હતા.

આ પ્રસંગે જનકલ્યાણ ટ્રસ્ટે સહયોગ પુરો પાડ્યો હતો. આ પ્રસંગે પ્રમુખ લલીતભાઈ કે દાવડા, મંત્રી સાંદાભાઈ એ. સોલંકી સહિત મોટી સંખ્યામાં આદિવાસી લોકો ઉપસ્થિતિ રહ્યા હતા.



## લૂસડીયામાં શ્રીરામ યજ્ઞમાં ૭૫ યુગલોએ ભાગ લીધો

અરવલ્લી જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી નજીક આવેલા લૂસડીયામાં વિશ્વ હિન્દુ પરિષધ દ્વારા શ્રીરામ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ૭૫ બક્ષીપંચ તથા આદિવાસી યુગલોએ ભાગ લીધો હતો. મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહ્યા હતા. અરવલ્લી જિલ્લાના શામળાજી નજીક લૂસડીયા ગામ આવેલું છે. આઝાદી પહેલા આ વિસ્તારમાં ગરીબ આદિવાસી પ્રજાને જાત જાતના પ્રલોભનો આપીને ખ્રિસ્તી ધર્મ પ્રત્યે આકર્ષવામાં આવ્યા હતા. તેમને પરત હિંદુ ધર્મમાં પાછા લાવવા માટે ગઈ સાલ ઘરવાપસી કાર્યક્રમ વિહીપ દ્વારા અપાયો હતો. વિશ્વ હિન્દુ પરિષદના મંત્રી કિરીટભાઈ શાહ, વિહીપના ધર્મપ્રસાર વિભાગના ધર્મેન્દ્ર ભાવાણી સહિત વિવિધ વિહીપના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. ૭૫ જેટલા યુગલોએ સ્વયં હિન્દુ ધર્મ પ્રત્યે આકર્ષાઈ, પ્રેરણા લઈ શ્રીરામ યજ્ઞમાં ભાગ લીધો હતો.

# આગીયા ગામે કારચાલકની ટક્કરથી યુવાનનું મોત

## ગામજનો દ્વારા ચક્કાજામ કરતાં ત્રણ કલાક ટ્રાફિક થંભી ગયો

ખેડબ્રહ્મા, તા. ૨૭ ખેડબ્રહ્માના આગીયા ગામે સ્ટેટ હાઈવે પર મોટર સાઈકલ સવારને અંબાજી તરફથી આવતી કારના ચાલકે ટક્કર મારતા બાઈક સવારને ગંભીર ઈજાઓ પહોંચતા મોત નિપજ્યું હતું. જે અંગે ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવા પામી હતી.

રવિવારે સવારે આઠ વાગ્યાના સુમારે આગીયા ગામની સત્કાર હોટલ પાસે આગીયા ગામના રાજેન્દ્રિસંહ હિંમતસિંહ દેવડા (ઉ.વ.૩૮) તેમની મોટર સાઈકલ જીજે.૯.એલ.૩૧૩૪ ઉપર જતાં હતા ત્યારે અંબાજી તરફથી આવતી ઈન્ડિકા કાર નં. જીજે.૨૨-એ.૪૭૮ ના ચાલકે રાજેન્દ્રસિંહની મોટર સાઈકલને પાછળ ટક્કર મારી હતી જેથી રાજેન્દ્રસિંહ મોટર સાઈકલ પરથી ફેંકાઈ ગયા હતા અને શરીરે અને માથાના ભાગે ઈજાઓ પહોંચી હતી તેમનું પ્રાણ પંખેરું ઉડી ગયું હતું. અકસ્માત સર્જી કાર ચાલક કાર મુકી ફરાર થઈ ગયો હતો. આ અંગે આગિયા ગામના મુળસિંહ જુજારસિંહ દેવડાએ અકસ્માત સર્જી ભાગી છૂટેલ કાર ચાલક વિરુદ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી હતી.





## ખેડબ્રહ્મા ખાતે સ્ટુડન્ટ પોલીસ કેડેટ શિબિર યોજાઈ

ખેડબ્રહ્માની શેઠ કે.ટી. હાઈસ્કૂલમાં સ્ટૂડન્ટ પોલીસ કેડેટની ત્રણ દિવસની શિબિર યોજાઈ હતી. જેમાં કે.ટી. હાઈસ્કૂલના ૨૨ છોકરા, ૨૨ છોકરીઓ તથા જયોતિ હાઈસ્કૂલના ૪૦ છોકરીઓ, ૩૯ છોકરાઓએ ભાગ લીધો હતો. આ શિબિરમાં રનીંગ, હીલ, કુદરતનો અભ્યાસ, પારિવારિક સંબંધોનું મહત્ત્વ, ૧૮૧, ૧૦૮, ૧૦૦, અભ્યમ યોજના વિશે જાણકારી આપવામાં આવી હતી. આ બે વર્ષનો કોર્ષ કરી બાળકોને સર્ટીફિકેટ આપવામાં આવશે. આ કોર્ષમાં વ્યક્તિ વિકાસ, માનસિક વિકાસ, શારીરિક, સામાજિક વ્યક્તિત્વ વિકાસ, સમાજને કેવી રીતે ઉપયોગી થવું વગેરે... બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.